# કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી
# K. S. K. V. Kachchh University

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. પીન-૩૭૦ ૦૧૫
Mundra Road, Bhuj-Kachchh. Pin-370015

web: kskvku.ac.in

Phone No.: 02832-237300
Email: coe@kskvku.ac.in


રેફ: કયુ/પવિ/પૂ.પ./૨૦૨૬

તા : ૦૧/૦૭/૨૦૨૬

**<u>પરિપત્ર</u>:– ૨૧૫ (પુરક પરીક્ષા – ૨૦૨૬)**

**વિષય :** જુન–જુલાઇ ૨૦૨૫ માં લેવાનારી પૂરક(સપ્લીમેન્ટરી) પરીક્ષાઓના આવેદનપત્રો તથા પરીક્ષા ફી અંગે.
**સંદર્ભ :** માનનીય કુલપતિશ્રી **તા. ૦૩/૦૧/૨૦૨૬ ની મંજુરી તથા તા. ૨૭/૦૫/૨૦૨૬ના રોજ** ના આદેશ અન્વયે.

આથી કચ્છ યુનિવર્સિટી સાથે સંલગ્ન તમામ વિદ્યાશાખા હેઠળની કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટી દ્વારા લેવાનારી આગામી પરીક્ષાઓ માટેના પરીક્ષાનાં ફોર્મ ભરી પરીક્ષાર્થીઓ દ્વારા યોગ્ય રીતે પૂર્ણ કરાવી જે–તે કોલેજના આચાર્યશ્રીઓએ પ્રમાણિત કરી, વિદ્યાર્થીઓની સંખ્યા અનુસાર <u>કુલ સચિવ, કચ્છ યુનિવર્સિટીના નામનો ચેક (Atpar)</u> મોકલી આપવા વિનંતી.

૧. જો કોઇ વિદ્યાર્થીના વિષયમા ફેરફાર જણાય તો અચુક પણે ફોર્મ ઇન્વર્ડ કરતાં પહેલા વિભાગ/કોલેજ વિદ્યાર્થી દ્વારા જરૂરી ચકાસણી કરી લેવાની રહેશે, અન્યથા જવાબદારી જે તે વિભાગ/કોલેજની રહેશે.

૨. પરીક્ષાના આવેદનપત્રો(પરીક્ષા ફોર્મ) આપના વિભાગ/કોલેજ ના લોગીનમા જનરેટ થયા છે કે નહી તે ચકાસણી કરી ત્યાર બાદ વિદ્યાર્થીઓને ફોર્મ ભરવા રૂબરૂ બોલાવવાના રહેશે.

૩. ડીજીટલ પ્રોજેકટમા સમાવેલા વિદ્યાર્થીઓની ફી–ફોર્મ જમા કરાવવા આવે ત્યારે રૂ. ૨૫/– ફી જમા કરાવવાની રહેશે.

૪. હાર્ડકોપી ચલણ ક્રમ અનુસાર ફાઈલમા રાખી પરીક્ષા (WHOLE EXAM) ખંડ પરીક્ષા (PART EXAM) એ.ટી.કે.ટી (ATKT EXAM) એમ ત્રણ કેટેગરીમા વિષયવાર ગોઠવીને લાવવાના રહેશે તે જ પ્રમાણે હાર્ડકોપી ચલણ સાથે મોકલાવવાની રહેશે જેમા આચાર્યશ્રીના સહિ–સિકકા સાથે જમા કરવાના રહેશે.

૫. PRN/SPID ધરાવતા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ આપની કોલેજ/ડીપાર્ટમેન્ટને આપવામા આવેલ વેબ લોગીન માથી ડાઉનલોડ કરવાના રહેશે તથા આપને ફાળવવામા આવેલ સમય મર્યાદામા લોગીન દ્વારા જ ઇનવર્ડ કરવાના રહેશે

૬. જે વિદ્યાર્થીઓએ રી ચેકીગ/રી એસએસમેન્ટ માટે અરજી કરી હોય અને તેઓનું પરીણામ જાહેર ન થયું હોય તો તેવા કિસ્સામા ફોર્મ ભરવા માટે નિયત કરેલ તારીખમા ફોર્મ ભરવાના રહેશે. રીએસએસમેન્ટના પરીણામ પછી છેલ્લી તારીખ ચાલી ગઈ હશે તો ફોર્મ સ્વીકારાશે નહી, જેની ખાસ નોંધ લેશો.

૭. જે વિદ્યાર્થી ગેરરીતી આચરતાં પકડાયા હોય તેવા વિદ્યાર્થીઓએ પરીક્ષા શુદ્ધી સમિતિના નિર્ણય મુજબ જ પરીક્ષાના આવેદનપત્ર ભરાવવું તેમજ તેવા કિસ્સામા સજા / પ્રવેશબંધીના જાહેરનામાની ઝેરોક્ષ નકલ આવેદનપત્રમા સાથે અવશ્ય બીડવાની રહેશે. જે વિદ્યાર્થી ગેરરીતી આચરતા પકડાયા હોય અને તેવા વિદ્યાર્થીના કિસ્સામા અંતિમ નિર્ણય ન લેવાયો હોય ત્યાં સુધી કોઈપણ પરીક્ષાના આવેદનપત્રો સ્વીકારવા નહી.

૮. પરીક્ષાના આવેદનપત્ર ન ભરનાર વિદ્યાર્થીને પરીક્ષામા બેસવા દેવા નહિ, તેમ છતાં બારોબાર પરીક્ષામા બેસવા દેવામા આવશે તો તેવા વિદ્યાર્થીઓના પરીણામ રદ કરવામા આવશે અને તે અંગેની તમામ જવાબદારી જે તે પરીક્ષા કેન્દ્ર સંચાલક /આચાર્યશ્રીની રહેશે.

૯. વિદ્યાર્થી પરીક્ષા આપવા આવે ત્યારે આપેલ હોલ ટીકીટ/ઓળખપત્ર વિદ્યાર્થીએ સાથે રાખવાની રહેશે. આ નિયમ તરફ વિદ્યાર્થીઓનું ખાસ ધ્યાન દોરવા વિનંતી છે.

૧૦. વિભાગ/કોલેજ દ્વારા ફરજીયાત એક સેમેસ્ટર માટે એક જ ફી ચલણ જનરેટ કરવા તથા કોલેજ દીઠ એક જ ચેકમાં રકમ ભરવા જણાવવામાં આવે છે.

૧૧. પરીક્ષા ફોર્મ વિભાગ/કોલેજ દ્વારા જવાબદાર વ્યકિત સાથે રૂબરૂમાં જ સ્વીકારવામાં આવશે. કુરિયર કે કોઇ વ્યકિત સાથે સ્વીકારવામાં આવશે નહિ.

૧૨. પરીક્ષા ફોર્મ ઓનલાઈન જનરેટ ન થયેલ હોય તે કેસમા સિસ્ટમ/કોમ્પ્યુટર વિભાગનો કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવો.

- **બોર્ડ ઓફ મેનેજમેન્ટની મિટીગના ઠરાવ મુજબ તા. ૧૬/૦૫/૨૦૨૪ ના પરિપત્ર નં: ૯૬ મુજબ પેટર્ન ૨૦૧૬, બી.કોમ/બી.બી.એ. ૨૦૧૧ પેટર્ન માટે વર્ષ ૨૦૨૭માં આખરી તક રહેશે.**

## પરીક્ષા ફોર્મ સ્વીકારવાની તારીખ

| | રેગ્યુલર ફી સાથે તારીખ | રૂ. ૧૦૦/– લેઇટ ફી સાથે તારીખ | રૂ. ૧૦૦૦/– લેઇટ ફી સાથે તારીખ |
|---|---|---|---|
| | તા. ૧૦/૦૬/૨૦૨૬ થી તા. ૧૭/૦૬/૨૦૨૬ | તા. ૧૯/૦૬/૨૦૨૬ | તા. ૨૦/૦૬/૨૦૨૬ |

| ક્રમ | પરીક્ષાનું નામ સ્નાતક (યુ. જી.) | CBCS પેર્ટન | NEP પેર્ટન | સેમેસ્ટર | Rep./ Ext. | પરીક્ષા ફોર્મ ફી રૂ.૨૫/– + પરીક્ષા ફી | પરીક્ષા સંભવિત તારીખ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | B.A. | 2016, | 2023 | 5 & 6 | Rep./Ext. | નાપાસ / પાર્ટ / એ.ટી.કે.ટી 250/- (પેપર દિઠ /પ્રેકટીકલ/વાયવા / કોડ દિઠ) | તા. ૦૩ થી ૦૭/૦૭/૨૦૨૬ ની વચ્ચે શરૂઆત |
| 2 | B.Com. | 2011,2012 | | | Rep./Ext. | | |
| 3 | B.Sc. | 2016 | | | Rep. | | |
| 4 | B.B.A. | 2011 | | | Rep. | | |
| 5 | B.C.A. | 2016 | | | Rep. | | |
| 6 | M.B.A.(Int.) | 2016 | | | Rep. | | |
| 7 | M.Sc.(ca&it) | 2016 | | | Rep. | | |
| 8 | B.Com.(Hons.) | 2017 | --- | | Rep. | | |

a) માત્ર સેમેસ્ટર ૫ અથવા ૬ (NEP) (CBCS) પધ્ધતિના વિદ્યાર્થીઓ માટે આ સેમેસ્ટરોના કોઇપણ વિષયમાં થયેલ નાપાસ / પાર્ટ / એટીકેટીના વિદ્યાર્થી આ પુરક પરીક્ષામાં ફોર્મ ભરી શકશે.

b) સંલગ્ન વિભાગ / કોલેજ દ્વારા ફોર્મ સાથે સેમેસ્ટરની નાપાસ / પાર્ટ / એટીકેટી માર્કશીટ ફોર્મ સાથે જોડવાની રહેશે.

c) પરીક્ષા ફોર્મ જે તે વિભાગ / કોલેજ ખાતેથી ફોર્મ ભરવાના અને ઇન્વર્ડ કરવાના રહેશે.

d) પરીક્ષા ફોર્મ,ઇન્વર્ડ રીપોર્ટસ, સેમેસ્ટરની નકલ, ફી ચલણ વગેરે જરૂરી દસ્તાવેજો રૂમ.નંબર:૧૦૮ – પરીક્ષા વિભાગ,કચ્છ યુનિવર્સિટીમાં તારીખ પૂર્ણ થયાનાં દિન – ૨(બે)ની સમયમર્યાદામાં ખાસ જમાં કરાવવાના રહેશે.

e) સેમ. ૫ અને ૬ માં પ્રેકટીકલ / વાયવા / આંતરીક પરીક્ષામાં નાપાસ/પાર્ટ/એટીકેટી હોય તેવા વિદ્યાર્થીને પરીક્ષાના માળખા મૂજબ માકર્સ વિભાગ/કોલેજ દ્વારા પરીક્ષા લેવાની અને પોર્ટલ પર એન્ટ્રી પરીક્ષા પૂર્ણ થયાના દિન – ૨ માં ફરજીયાત કરવાની જવાબદારી રહેશે.

f) આંતરીક પરીક્ષા માટે ફોર્મ અને ફોર્મ ફી ભરવી અનિવાર્ય છે. જે તે વિષયની પેપરદીઠ ફી ભરવાની રહેશે નહિ.

g) આ પૂરક પરીક્ષામાં પુનઃમૂલ્યાંકન/ગુણ ચકાસણીની અરજી કરવામાં આવશે નહી.

h) કોપી કેસના વિદ્યાર્થીઓ અનુસંધાને જે તે વિદ્યાર્થી ને આપેલ સજા મુજબ ફોર્મ સ્વીકારવામાં આવશે. કોપીકેસના વિદ્યાર્થી લિસ્ટ કચ્છ યુનિવર્સિટી વેબસાઇટ પર ઉપલબ્ધ છે. જે ચકાસણી કરી ફોર્મ ભરાવવા વિનંતી.

i) જે વિદ્યાર્થીએ રૂબરૂ અવલોકન/પુનઃમૂલ્યાંન ફોર્મ ભરેલ હોય તે આ પૂરક પરીક્ષામાં ફોર્મ ભરી શકશે.

j) આ પૂરક પરીક્ષા માટે સેન્ટર કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ રહેશે.

k) આપના કોલેજ/વિભાગના લાગુ પડતી પેટર્નના વિદ્યાર્થીઓને ખાસ વ્યકિતગત રીતે જાણકરી આ પુરક પરીક્ષા સંદર્ભે ફોર્મ ભરાવવા યોગ્ય કરશો.

K.S.K.V. Kachchh University • Bhuj-Kachchh

1/06/2026
પરીક્ષા નિયામક

નકલ રવાના :–

૧. કુલપતિશ્રીના કાર્યાલય તરફ, જાણ સારૂ..
૨. કુલસચિવશ્રીના કાર્યાલય તરફ, જાણ સારૂ..
૩. અધ્યક્ષશ્રી/આચાર્યશ્રી, સંલગ્ન તમામ વિભાગ/કોલેજ તરફ અમલવારી સારૂ
૪. સિસ્ટમ ઇન્જીનીયર તરફ અમલવારી સારૂ
૫. વિદ્યાર્થી શાખા તરફ અમલવારી સારૂ